આવૃત્તિ ૧ લી

દારૂડીયાની દશા.

રચનાર [illegible]

કેશવલાલ [illegible] પાલખીવાળા.

અમદાવાદ.

દોહરો

[illegible]

[illegible]

[illegible]

[illegible] સન ૧૯૨૧.

કીંમત એક આનો

સત્યનારાયણ પ્રિ. પ્રેસમાં [illegible]

છાપી. ઠે. [illegible]

વાઘીઆ-અમદાવાદ.

શરૂઆતના બે બોલ.

પ્રિય વાચકવૃંદ ? દારૂના દુષ્ટ વ્યસનથી મોટા મોટા રાજા રાણાઓ અને રાજની પાયમાલી થયાના સેંકડો દાખલા ઈતીહાસોમાંથી જણાઈ આવે છે, તેમ છતાં આપણી નજર આગળનું એકજ દ્રષ્ટાંત આ પુસ્તકમાં આપુ છું ને તે એ છે કે—જ્યારે મહુડાનાં ઝાડ પર મહુડાં થાય છે, ત્યારે તે ઝાડનાં તમામ પાંદડાં ખરી જાય છે, અને મહુડો તદ્દન નાગો થઈ જાય છે. તો પછી તેજ ઝાડના મહુડાંનો રસ કે જેમાં પલાળ્યા પછી કરોડો કીડા ઉત્પન્ન થઈ મહુડાની સાથે તેનો અર્ક નીકળે છે ને તે મનુષ્ય પીએ તો પોતાનાં લુગડાં કાઢી નાગો બને તેમાં શી નવાઈ !

લી. સેવક.

શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

ઠે૦ લુણસાવાડે મોટીપોળ.

અમદાવાદ.

દારૂડીયાની દશા !

૧

(ગઝલ)

બને શા હાલ બંદાના, કરે શું બાટલી બાઈ;
બતાવા તે બનાવી છે, કવાલી સાંભળો ભાઇ. ૧
દહીં ને દૂધ ઘી મૂકી, મધુ પીવા જતા પીડે.
ભરાવે દામ દઇ દારૂ, અને રાજી થતા દીઠે. ૨
ઉઠાવી હોંસથી શીસો, શોકાશ હાથમાં સાહી;
ભરીને ઢીંચવા માંડે, જઈ એકાંત કે ત્યાંહી. ૩
જતો જ્યાં કંઠથી હેઠો, તહીં લાગે ઘણી લાહ્યે;
મગાવી તેહથી તેઓ, ચવાણું કે ચણા ખાયે. ૪
તથાપી કોઇ રીતેથી, નથી તે આગ ઓલાતી;
મતીને ફેરવી નાખી, કલેજું કોતરી ખાતી. ૫
કરી ખીસ્સું બધું ખાલી, મહા મંદીરથી જાયે;
ધરે ભૂમી પરે પાપી, રહે ના સ્થીર ત્યાં પાયે. ૬
પહેલાં થાય છે સ્થીતી, ખરેખર વાંદરા જેવી;
કરે છે દંતીયાં તેથી, અને આંખો ફરે એવી. ૭
બને છે ઘાટ ત્યાં બીજો, કજાતી કુતરા જેવો;
ભસીને મૂખથી ભુંકે, હસાવે લોકને તેઓ. ૮
ધરે છે રૂપ ત્યાં ત્રીજું, ગધેડાનું ઘણે ભાગે;
ભમે ત્યાં લોટતા હોયે, પડી ભૂમીપરે નાગે.
તમાસો તેહ જોવાને, મળે છે મેદની મોટી;
મહુડી હે મહુડી હે, કડી હાંસી કરે ખોટી. ૧૦

સગા વ્હાલા સંબંધીને, સતાવે છે ઘણી પીડે;
વળી મા બેન માસીને, છકેલો કોઇ ના છોડે. ૧૧
પડે પોલીસને જો તે, ખબર તો દોડતા આવી;
જમાડે પાક મેથીનો, કરે ધાલે કડી લાવી. ૧૨
ચઢાવે ન્યાયને દ્વારે, કરાવે દંડ જે ત્યાંહી;
મળે ના દામ તે દેવા, જતા એ જેલની માંહી. ૧૩
સદા ડામીસનો ડાઘો, કપાળે લાગતો તેથી;
લખે ના કોઈપણ નામે, કદાપી દોકડા એથી. ૧૪
થયા તારાજ તેનાથી, મહારાજા અને રાણા;
બન્યા ડાહ્યા દિવાના ને, નભ્યાં ના કોઇનાં નાણાં. ૧૫
મજુરીથી કમાએલું, મધુમાં મૂકશો નાહી;
બચાવી તે બધું નાણું, ભરો દાણા ઘરો માંહી. ૧૬
કરે છે ઉજળા ચોરા, વધારે હીંદની હાની;
ઉડાવે છે મધુ મોંઘા, મગાવી બોટલો છાની. ૧૭
પડો એ બંગલે પૂજો, મરો તે માનવી મોટા;
લગાવો જાતને ઝાડૂ, કજાતીથી ઘણી ખોટા. ૧૮
અસંખ્યાતા પડે કીડા, ગળાતો જ્યાં મધુ ત્યાંહી;
કહો તે કેમ પીવાયે, રહ્યું છે પાપ જે માંહી. ૧૯
કદાપી જીવ જાયે તો, ભલે તેને જવા દેજો;
તથાપી દુષ્ટ દારૂનું, કદી કો નામ ના લેજો. ૨૦
જઈ પીઠા કને કાં તો, સભા જે મેળવી ગાશે;
કહે છે પાલખીવાળો, ભલું તે બાપનું થાશે. ૨૧



૨

રાગ રાસડાનો.

મદીરા મુકજો ભાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે—ટેક.
ઘી દૂધ મેવો લેવો મુકીને, પેસે પાઠ ભલી ભાત;
માગે મદીરા ઢીંચવા માટે, જાએ પછી એકાંત;
શોકારૂ ને બાટલી સાહી (૨) રે. ખરેખર છે દુઃખદાઇ રે. ૧
ઘુંટ ભરે ને ઉંટસરીખા, હોઠ કરંતા હોય;
ચાર ચણા લઇ મુખમાં નાખે, આગ બુઝે નહી તોય;
બળે જ્યાં કાળજું ત્યાંહી (૨) રે, ખરેખર છે દુઃખદાઈ રે. ૨
ખાલી કરી નિજખિસ્સુ પછી તે, ત્યાંથી પલાયન થાય;
વ્યાપી નિશા કે પાપીના બેઉ, સ્થિર રહે નહી પાય;
હીંડે લડથડીયાં ખાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૩
ભોંય પડે ને ઉઠે પરાણે, પાછો પડે તે ઠાર;
કીચડ કાદવ કે નરકાદી, સુંઘતો તેણી વાર;
મળે તનભાન ન કાંઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઈ રે. ૪
માતને મારે ને તાતને ત્રાડે, ભ્રાતને ભાંડે ગાળ;
બેન કે દીકરીને નવ છાંડે, છેક છકી ભમરાળ;
કરે મદ્ય પીને ભવાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૫
જોવા મળે જન તેહ તમાસો, જેહ બન્યો ચકચુર;
મહુડી મહુડી બાળક બોલે, તેમ ભસે ભરપુર;
શુની જેમ શ્વાનસગાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૬
પાડપડોશી દુષ્ટને દેખી, દ્વાર દઇ દૂર થાય;
પોલીસને જો જાણ પડે તો, હાથકડી નંખાય,
પડે પસ્તાળી ત્યાંહી (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૭

કેસ કરીને કોરટ માંહિ, ઉભો કરે જઇ એહ;
થાય સજા કાં દંડ કરે ત્યાં, હોય ન દેવા તેહ;
જતા એ જેલની માંહી (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૮
સ્વામ પડે જે ડા'મ કપાળે, તે જગજાહેર થાય;
દારૂડીયા હરબાર ચઢે ને, જીંદગી એળે જાય;
મરે ખર માટી થાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૯
શોપમાં પેસી કે બંગલે બેસી, દારૂ પીયે છે તેહ;
આપ ડુબે ને દેશ ડૂબાડે, ઉજળા ચોરો એહ;
દઇ જળ વાટ કમાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૧૦
રાજ ગમાવીને રાય થયા કંઇ, ગાય થકી પણ રંક;
શૂરા ગણી જે શોખ કર્યો તે, બૂરા ઠર્યા નિઃશંક;
રહી નહી પાસે પાઇ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૧૧
માટે ન પીશો પ્રાણુજતાં પણ, હાલ થશે બેહાલ;
આપણુ ખોળ્યું હાથ નહી આવે, વિનવે કેશવલાલ;
કહ્યું મમ માનજો ભાઈ (૨) રે, ખરેખર છે દુઃખદાઇ રે. ૧૨



૩

(રાગ—ભોજાભગતના ચાબખાનો.)

મદીરા મુકજો મ્હારા ભાઇ ગટરમાં ગોથાં ખાસો નહી. ટેક.
જાણું વાયું કે મધુ મંદીરમાં પેસતા પૈસા લઇ;
જાણું જનમતાં પાયો ન હોયે માએ ગળથુથી મહી. મદીરા. ૧.
કાકા બાપો કહી ચાપો જરાવે મનમાં રાજી થઇ;
પૈસે પૂછે કે બેસે છે બ્હાર ત્યાં બીજો શોધાર ભઇ. મદીરા. ૨.

ઘુંટ ભરે ને ઉંટ સરીખા હોઠ કરંતા તહીં;
રહેવાની પુની પુ છે માટે મોઢેથી પુંકતા ભાઇ. મદીરા. ૩.
હાથેથી અંગમાં આગ લગાડી તેને બુઝાવાને તહીં;
શસી કે વાસી ભૈયાના ભજીયાં ખાતા વેચાતાં લઇ. મદીરા. ૪.
એવામાં એમના જેવા મળે તો બાપુ બિરાદર કહી;
પાય પીયે છે પ્યાલો પરાણે સામસામી સમ ખઇ. મદીરા. ૫.
પહેલોરે પીધો ને બીજોરે પીધો ત્રીજેથી જીભ તોતડઇ;
બોલ્યો બબડતો એક જણો ત્યાં ખાવાનું લાવો કંઇ. મદીરા. ૬.
ઉઠીને ત્યાંથી ચાલ્યો લેવા જયાં બેઠાં છે પારીબઇ;
અનેક દેહનો ઉકાળો માગી લીધો તે પડીયા મહીં. મદીરા. ૭.
પાપીજને તે પ્રીતે આરોગ્યો ચાટી ચપણીયું તહીં;
દારૂનું ઘેન બહુ ચઢયું ઘડીકમાં તરતજ શુદ્ધબુદ્ધ ગઇ. મદીરા. ૮.
દેખી એ તાલ તહીં કાઢયા કલાલે પીઠાની બ્હાર ચાળ દઇ;
ઠેબા ને ઠોકરો ખાતા પછી તે પડયા ગટરની મહીં મદીરા. ૯.
ધોતીયું કે’ હું ધમેં ન ઢાંકું પાઘડી કે’ પરખઇ;
ભંડી ડરીને બોલી બીચારી મુઓ તું કેમ ના ભઇ. મદીરા. ૧૦
જોનાર જન તે ભાળીને ભાખે મહુડી મહુડી કહી;
પોલીસ જો તે જાણે ખબર તો દોરે હવેલી મહીં. મદીરા. ૧૧.
શીખે સજન ને ગાયે ગુણીજન સુણે ભજન જે ભઇ;
કેશવ જમનાદાસ કહે છે પામે તે વૈકુંઠ સહી. મદીરા. ૧૨.

—:o:—

૪

(ચેતે તો ચેતાવું તનેરે પામર પ્રાણી—એ રાગ)

મદીરા પીવાનો કુકારે, ઓ મધુપાની. ટેક.

શુરો રસ મીઠો લાગે, ધ્યાનસમજ પાછી ભાગે;
મહુડી ત્યાં પંપા માગેરે ઓ મધુપાની. ૧

સીસોને શીકારૂ સાહી, ઢીંચ્યો મદીરા ત્યાંહી,
અપટી ચણાની ખાઇરે ઓ મધુપાની. ૨

મહુડીથી મુખ બાળે, ચડે છે ગાંજાના ચાળે;
પડે છે ગટર ખાળેરે ઓ મધુપાની. ૩

બકતો તું ત્યારે બહુ, બહેન દીકરીને વહુ;
ગણતો સરીખા સહુરે ઓ મધુપાની. ૪

છોકરાં ઘુંપાતાં ફરે, પોળ ને પડોશી ડરે;
સઘળાં તારૂં ફાળુ કરેરે ઓ મધુપાની. ૫

મજુરી કરીને ખરી, કલાલોના ઘર ભરી;
મુકતો તું તેમાં છરીરે ઓ મધુપાની. ૬

ફરે તારી કોણુ ફોઇ, ઘરની બંટીરે રોઇ;
ખાણા માટે રાહ જોઇરે ઓ મધુપાની. ૭

પીવું તે શું લાગે પ્યારૂં, દીવાનો બનાવે દારૂ;
મુખડું ગંધાતું તારૂંરે ઓ મધુપાની. ૮

કુળોમાં દુઃખ થાશે, વહને વહેવાર જાશે;
લાજ બંધી ફડી ગાશેરે ઓ મધુપાની. ૯

ઘડીમાં તું હસે રડે, ઘડીમાં આળોટી પડે;
ઘડીમાં ગાળોએ ચઢેરે ઓ મધુપાની. ૧૦

માટે સૌ ચપણુચાટ્ટુ, બાટલીનું બાળો ડાચું;
પ્યાલાને લગાવો પાટ્ટરે ઓ મધુપાની. ૧૧

ભગતો ભજન ગાઇ, કરશો પ્રચાર ભાઇ;
કહે છે કેશવ ચાહીરે ઓ મધુપાની. ૧૨

૫

મનહર છંદ.

શોખમાં સુરાનું પાન કરવા કાજે હેવાન;
મેળાપીની મંડળીમાં ઉમંગથી જાય છે.
મદિરા પીયે ને પાય દોસ્તદાર જેમ થાય;
મૂર્ખ તેમ તે ફુલાય પ્યાલે પોકરાય છે;
ચતુર ગણાતા એનાં ચિત્ત તો ચળીત થયાં;
ચઢી મધુપાને અને પીછે અથડાય છે.
દિવાના બનીને ચઢે, ગાળે કે ગટરે પડે;
પોલીસ મળે તો વળી પરસાદી ખાય છે. ૧

બ્હેન દિકરી ને નાર સરખાં ગણી ગમાર;
જેવું જીભે આવે તેવું મચે ભુંડું ભાખવા.
ભાભી કે ભાણેજ હોય ભલે ભતરીજી તોય;
મદિરા પીનાર માંડે તેને આળ નાખવા.
શોખ રહાનાર નર ગમાની ધરેણું ધર;
ભીખારી બને છે તો જતા સ્વાદ ચાખવા.

જીંદગાની રદ કરે પરાણે ઉદર ભરે;
મૂઆ મધુપાનીઓના શોખ એવા રાખવા. ૨

કાળજુ તેમાંથી સડે છાતીમાંથી ક્ષય પડે;
ચક્કર વધારે ચડે દરદી દેખાય છે.
બાપનું બોળીને નામ કરે નિજ કૂળ શ્યામ;
મહુડી પીનાર નર ખત્તા બહુ ખાય છે.
પ્યાલે થયા પાયમાલ બેટલે બન્યા બેહાલ;
તેવાને નિહાળી મને ઘણું દુઃખ થાય છે.
કહે છે કેશવલાલ કરો ન મધુનો ખ્યાલ,
એમાં નથી માલ નીચ પીયે અને પાય છે. ૩

૬

(દાસ પરે દયા લાવો રે—એ રાગ.)

પ્રાણ જતાં પણ પ્યાલો રે, (૨) કોઇ ન પીસો પ્રાણ જતાં
પણ પ્યાલો.—ટેક.

આપી કમાણી પીડે, પાપી પરખાતું દીઠે;
શાને શકોરૂ ઝાલો ઝાલો રે, (૨)—કોઇ ન પીસો. ૧

નાખે નર્કાદિ માંહે, ગટરો ગંધાતી ત્યાંહે;
તેને શું ઘટમાં ઘાલો ઘાલો રે, (૨)—કોઇ ન પીશો. ૨

હૈયે લગાડે હોળી, કાપે આવરદા દોરી;
તેને ત્વરાથી ટાળો ટાળો રે, (૨)—કોઇ ન પીશો. ૩

ડાહ્યા દીવાના થાયે, જીવ્યું તે એળે જાયે;
એથી ચેતીને ચાલો ચાલો રે (૨)—કોઇ ન પીશો. ૪

કહેવું કેશવનું માની, કરશો ના કો નાદાની;
ડાઘ ન લાગે કાગો કાળો રે, (૨)—કોઇ ન પીશો. ૫



૭

માન માયાના કરનારા રે. એ રાગ.

શીખ માનો મળેડીઆ માનો રે, ભીખ માગો છો શીદ નાદાનો;
બને ડાહ્યો તે સંગથી દીવાનો રે, એહ પીવાનો શોખ હોય શાનો. ટેક.

મીલ મજુરી કે લેઇ માથે, માટી ચણાવતા મકાનો;
કાઠી ચીરી કે ભાઠી પકાવી, આવી કરો તોફાનો રે. ભીખ. ૧

સોડીના ટીંપે નાણું રળેલું, આપી તું હાથ ઘસવાનો;
ફુટી બદામ કે કાણી કોડી કોઇ, નામે નથી લખવાનો રે. ભીખ. ૨

માતાની કુંખમાં લાહ્ય લગાડે, બંધુ તે જોઇ બળવાનો;
પીતાના નામપર પૂળો મુકીને, કુળ ધુળ તું કરવાનો રે ભીખ. ૩

નાખે નરકમાં નાગા કરે તે, દારૂ પીએ ન કોઇ દાનો;
કેશવ જમનાદાસ કહે છે, માનો કહ્યું મહેરબાનો રે ભીખ. ૪



૮

(થયો છો રે પતી તેજ પ્યારી તનના—એ રાગ.)

મધુપાની હાની નવ કરશો તન ધનની ભાઇ—ટેક.

કુલ કલંકિત થાય હાય એ શી રીતે સ્હેવાય;
ધન આપી-મદ્ય માપી-લે પાપી-ને ત્યાપી;
ભાન ભૂલી ભટકાતા હોએ ખરસમ જ્યાં ત્યાંહી. મધુપાની. ૧

ચઢે કેફ લડથડે પગો ને પડે ગટરની માંહ્ય;
જ્યાં જાતાં—ગંધાતા—જળ ન્હાતા—મળ ખાતા;
જીવતાં તે પાપીજન જોતા નર્કતણી ખાઈ. મધુપાની. ૨

કાળા ડગલાવાળા કાકા જો જાણે તે તાલ;
તો દોડે—નવ છોડે—ઝટ જોડે—વરઘોડે;
હાથ કડી ધાભી લઇ ચાલે કોરટની માંહી. મધુપાની. ૩

દંડાતા ખંડાતા ત્યાં તે થાતા દેવાદાર;
પણ પીધું—નવ નીઠયું—જે દીઠું—તે મીઠું;
સાકરસમ જાણી તે જાતાં સાંજ પડે જ્યાંહી. મધુપાની. ૪

એ રીતે દારૂડીયા લોકો તન ધન કરતા નાશ;
દુઃખપામી—બદનામી—લઇ નામી—મદ્ય સ્વામી;
કેશવ કહે વળુ મોતે મરતા પાપી પળડાઈ. મધુપાની. ૫

આ તે હૉટેલ કે હત્યા ?

ગઝલ.

પુજારી ચાહ દેવીના, પધારી હૉટલો માંહે;
વધારી વેદના આપે, હજારો કોપ પી ચાહે. ૧

પધારી માંબથી ઉઠી, પહેરી પાઘ કે ટોપી;
દિવાના પેર દોડો છો, પિવાને ચાહ કે કોફી. ૨

પડે છે માખીંઓ જેમાં, હજારો ઉડતી આવી;
ઉકાળી તેમને ભેળી, તમોને પાય છે લાવી. ૩

ઓકારાં ચાહનાં ચાટી, ચિરૂટો ખૂબ ફુંકો છો;
મગાવી પાનનાં બીડાં, મઝા જીન્નાનની લ્યો છો. ૪

બગીચા ચાહના વાવે, વિદેશી આપણે હાથે;
દિયે છે તેજ દુઃખો ને, લિયે છે લાજ તે સાથે. ૫

બને જે રંગ ન્હાનો તે, બતાવે તેમનું લોહી;
પિઓ શું હોંશથી એને, મઝા માની અને મોહી. ૬

બળે છે હોઠ ને મોઢું, કલેજું કોયલા થાયે;
યુવાનો એહથી ન્હેલા, થઇ રોગી મરી જાયે. ૭

ખરાબી ખૂબ કીધી છે, જઈ હૉટેલમાં આપે;
વધી જે મોંઘવારી તે, તમારી ચાહના પાપે. ૮

મળે છે ખાંડ મોંઘી ને, વધ્યા છે દૂધના ભાવો;
કહો એ ક્યાં કરે લોકો, તમારા પાપનો દાવો. ૯

તમો તો તોય પામો છો, ખરાબ્રું દૂધ ઉરીનું;

વધે છે રોગ જેનાથી, કરો શું પાન તે એનું. ૧૦

પિધેલા ચાહના પ્યાલા, ભરીને ડોલમાં પાણી;
નધોયા ધોઇને આપે, તમે સૌ એક છો જાણી. ૧૧

સડેલા ને ગળેલાઓ, વળી ખાંસીતણા ભોગી;
લગાડી લાળ પ્યાલાએ, નિરોગીને કરે રોગી. ૧૨

ગણી હૉટેલની સંખ્યા, સુમારે શહેરની તેમાં;
ખપે છે ખાંડ છો ખાંડી, અને ચહા બાર મણ જેમાં. ૧૩

રૂપૈયા હાલના ભાવે, હમેશાં ત્રીસસો જાએ;
તમે જો તે બચાવો તો, ગરીબો દૂધ ઘી ખાએ. ૧૪

સડેલું શાક ને રાશી, અનાજો હોટલે આવે;
કરે તઇયાર તે રાંધી, તમોને કેમ તે ભાવે ? ૧૫

વધેલું હોય તે વાશી, તમારી થાળીએ ઠોકે;
પડો છો એહથી માંદા, રડો છો રાત દિ પોકે. ૧૬

ઉઘાડી હોટલો મ્હોટી, કરીને ચાહનાં પીઠાં;
કુટેવો લોકને પાડી, જમાડી ભોજનો મીઠાં. ૧૭

લઇને દામ તે દોઢાં, રૂપૈયા મેળવી લીધા;
બનાવી બંગલા પોતે, તમોને રોગીઓ કીધા. ૧૮

બતાવ્યાં વૈદનાં દ્વારો, દવાઓ ચાલતી રાખી;
વળી એ બીલનાં નાણાં, ભરાવે જીંદગી આખી. ૧૯

જશો ના હોટલે એથી, પીવાને ચાહ કે ખાવા;
કહ્યું કેશવનું માનો, સુધારો આપનો થાવા. ૨૦

પ્રભુ તમોને શું પુછશે ?

ભુજંગી છંદ

તમે કેટલા બંગલાઓ બનાવ્યા, તમે કેટલા દામ ગાડે બચાવ્યા;
ચલાવી તમે કેટલી ત્યાં દુકાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાને. ૧
તમે કેટલી રોજ ચીરૂટ ફુંકી, તમે કેટલી વાપરી ચાહ બુકી;
તમે ચાવતા કેટલાં રોજ પાનો, પ્રભુ તે તમોને નથી પુછવાનો ૨
કઇ જાતના પ્હેરતા બુટ જોડા, ઘરે રાખતા કેટલા ગાય ઘોડા;
હતી કેટલી ગાડી ને ગાડીવાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૩
તમે કેટલીભાર્ગ ભાષા ભણ્યા છો, બી,એ.એમ,એ.એમ,ડી.શું થયા છો;
થયા જે, પી છો ચાંદ સી આઇ ઇ નો, પ્રભુ તે તમોને નથી પુછવાનો. ૪
કઇ જાતના બાળતા ઘેર લેંપો, કઇ ટાઇ ને પીન કોલર કેપો;
બાંજે ડ્રેસ કેવો હતો પ્હેરવાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૫
તમે કેટલાં વસ્ત્ર ભેળાં કર્યા છે, કઇ જાતનાં અત્તરો વાપર્યા છે;
તમે વાપર્યા પાન ગુલાબદાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૬
તમે કેટલા નાટકો ખેલ જોયા, તમે શર્તમાં કેટલા દામ ખોયા;
લીધો લ્હાવ શું રેસકોર્ટ જીતવાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૭
ઉનાળે હવાસારૂ કયે ઠામ જાતા, તમે રેલવેમાં કયો વર્ગ લેતા;
કરી કેટલી મિજબાની જુવાનો, પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૮
મુલાકાત લીધી તમે હોટલોની, ભાગી ગઇ'તી કેટલી બોટલોની;
લવંડર અને સેન્ટની સીસીઓની, પ્રભુ તે તમોને નથી પુછવાનો. ૯
તમે કેટલુ દીનને દાન દીધું, ગરીબો તણું શું તમે હીત કીધું;
કરી શી તમે દેશની સેવનાઓ, પ્રભુ તે તમોને નક્કી પૂછવાનો ૧૦

વિનંતી પત્ર.

આ શહેરના મદ્યનિષેધક મંડળો, અને કોઇ ૧
કેફી વસ્તુનો નિષેધ કરનાર સંસ્થાઓને વિનંતી ક
વામાં આવે છે કે આ પુસ્તકની તથા ગઝલના છુ
ટ્યાકાર્ડની એકેક નકલ મફત આપવામાં આવશે, ૨
તે મંગાવવા ઇચ્છા હોય તેમણે મંગાવી લેવી, ૩
પરગામથી મંગાવનાર મંડળે ફક્ત અડધા આનાની
પોષ્ટની ટીકીટ મોકલવી એટલે બુકપોષ્ટથી મોક
વામાં આવશે.

સામટી નકલો મંગાવી લોકોમાં મફત વહેંચ
વિચાર હોય તેમણે પત્ર લખવો કે જેથી કાગળ ૩
છપામણીના પ્રમાણમાંજ કીંમત લખી જણાવવા
આવશે.

લી. સેવક.

શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળ

. લુણસાવાડે મોટીપોળ

અમદાવાદ..